રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (ઓઢવ) ના વટવા તાલુકાના મોજે ગામ ઓઢવની સીમના રેવન્યુ સર્વે નં. ૨૪૩ પૈકી ટી. પી. સ્કીમ નં. ૧૧૨ (ઓઢવ)ના ફા.પ્લોટ નં. ૪૬/૧ ની ૫૧૮૩ ચો.મી.ની જમીનમાં **માધવ ક્રિએટર્સ**એ રહેણાંકના ફ્લેટો, દુકાનો તથા ઓફિસ માટેની સ્કીમનું આયોજન કરેલ છે જે **માધવ ઓર્કીડ**ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ **બ્લોક-.......** ના પહેલામાળના ફ્લેટ નં. **.........** ની ....... સ.ચો.મીટરના બાંધકામ તથા ............ ચો.મી.ના વણ વહેંચાયેલ જમીનના હિસ્સાનો વેચાણ દસ્તાવેજ **રૂ......................** અંકે રૂપિયા ........... પુરા.

નં. - ૨૪૩ પૈકી ટી. પી. સ્કીમ નં. ૧૧૨ (ઓઢવ)ના ફા.પ્લોટ નં. ૪૬/૧ ની ૫૧૮૩ ચો.મી.ની જમીનમાં **માધવ ડિવેલોપર્સ**એ રહેણાંકના ફ્લેટો, દુકાનો તથા ઓફિસ માટેની સ્કીમનું આયોજન કરેલ છે જે **માધવ ઓર્કીડ**ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ **બ્લોક**-....... ના પહેલાભાગના ફ્લેટ નં. ....... ની ......... સ.ચો.મી.ના બાંધકામ તથા ........ ચો.મી.ના વણ વહેંચાયેલ જમીનના હિસ્સાવાળી મિલકતના અમો લખી આપનાર માલિક અને કબજેદાર છીએ. જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં સદરહું મિલકત અને સદરહું ફ્લેટ તરીકે સંબોધવામાં આવેલ છે.

મજકુર સર્વે નં. ૨૪૩ ની ૧.૭૭.૦૫ હે.આરે.ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં. ૧૧૨ માં થતાં તેને ફા. પ્લોટ નં. ૪૬/૧ તથા ૪૬/૨ ની ૧૦૬૨૩ ચો.મી. ખેતીની જમીનના માલિકો પ્રહલાદજી રૂપસંગજી વિગેરે પાસેથી અમો લખી આપનાર પેઢીના ભાગીદારોએ અમદાવાદ-૭ (ઓઢવ) રજીસ્ટ્રાર સમક્ષ તા.૦૬-૯-૨૦૧૨ ના રોજ દસ્તાવેજ નં. ૧૨૮૬ તથા તા.૦૭-૦૯-૨૦૧૨ ના રોજ દસ્તાવેજ નં. ૧૨૯૪ થી વેચાણ રાખેલ છે. જેની નોંધ ગામ નમુના નં. ૬ ના હક્કપત્રકમાં નોંધ નં. ૭૧૮૭, તા.૦૬-૦૯-૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલ તથા નોંધ નં. ૭૧૮૮, તા.૦૭-૦૯-૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલ. જે બંને નોંધો સર્કલ ઓફિસર સાહેબે તા.૧-૧-૧૩ ના રોજ પ્રમાણિત કરેલ છે.

સદરહું સર્વે નં. ૨૪૩ ટી.પી.૧૧૨, ફા.પ્લોટ નં. ૪૬/૧ ની ૫૧૮૩ ચો.મી. જમીન રહેણાંક હેતુ માટે તથા ફા.પ્લોટ નં. ૪૬/૨ ની ૫૪૪૦ ચો.મી. જમીનને વાણિજ્ય હેતુ માટે બીનખેતીના ઉપયોગની પરવાનગી કલેક્ટરશ્રી, અમદાવાદ દ્વારા તેઓના હુકમ ક્રમાંક નં. ઇએસટી/ એન.એ./ ત.બિ.ખે./ તત્કાલ/ ક-૬૫/એસ.આર. ૫૦/ ૨૦૧૩ થી તા.૦૪-૦૩-૨૦૧૩ ના રોજથી આપવામાં આવેલ છે. જેની નોંધ ગામના હક્ક પત્રકમાં નોંધ નં. ૭૩૭૨, તા.૧૪-૦૩-૧૩ ના રોજ પાડવામાં આવેલી છે અને પ્રમાણીત થયેલ છે. પરંતુ તે ફા.પ્લોટમાં પ્લાનીંગમાં ફેરફાર થતાં એન.એ. ના રહેણાંક અને વાણિજ્યના ક્ષેત્રફળમાં

<u>લખી આપનાર</u> : **માધવ ફિએટર્સ** નામની ભાગીદારી
<u>વેચાણ આપનાર</u> પેઢીના વહીવટકર્તા ભાગીદાર
**શ્રી કાન્તિભાઇ રેવાભાઇ પ્રજાપતિ**
ધર્મે જાતે - હિન્દુ, ઉંમર આ. પુખ્ત, ધંધો - વેપાર, ઓફિસ : માધવ ઓર્કીડ, એસ.પી. રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ.
PAN :-

જેમને હવે પછી આ દસ્તાવેજમાં 'લખી આપનાર' તરીકે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં લખી આપનારનો તથા તેમના હાલના તથા વખતો વખતના ભાગીદાર અને વહીવટકર્તા, સકસેસરો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

<u>લખાવી લેનાર</u> :
<u>વેચાણ રાખનાર</u> ધર્મે જાતે-હિન્દુ, ઉં.આ.પુખ્ત, ધંધો-નોકરી, રહેવાસી -

PAN -

જેમને હવે પછી આ દસ્તાવેજમાં 'લખાવી લેનાર' યાને વેચાણ રાખનાર તરીકે દર્શાવવામાં આવશે. જેના અર્થમાં લખાવી લેનારનો તથા તેમના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઇનીઓ, એટર્નીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (ઓઢવ)ના વટવા તાલુકાના ગામ મોજે ઓઢવની સીમના રેવન્યું સર્વે

સાધારણ ફેરફાર થતાં અમોએ સદરહું જમીનને રીવાઇઝ બીનખેતી માટેની પરવાનગીની માંગણી કરેલ અને નાયબ કલેક્ટરશ્રી, અમદાવાદ દ્વારા તેમના હુકમ નં. એન.એ/યુ.-૨/કલમ-૬૫-એ/ઓઢવ/કેસ નં. ૧૪૯/૨૦૧૪ થી તા.૨૫-૦૯-૨૦૧૪ ના રોજ સર્વે નં. ૨૪૩, ટી.પી.૧૧૨, ફા.પ્લોટ નં. ૪૬/૧ ની ૫૧૮૩ ચો.મી. પૈકી ૨૧૮૩ ચો.મી. રહેણાંક હેતુ માટે તથા ૩૦૦૦ ચો.મી. વાણિજ્ય હેતુ માટે જ્યારે ફા.પ્લોટ નં. ૪૬/૨ ની ૫૪૪૦ ચો.મી. પૈકી ૫૦૯૦ ચો.મી. રહેણાંક હેતુ માટે તથા ૩૫૦ ચો.મી. વાણિજ્ય હેતુ માટેની પરવાનગી આપેલ છે.

સદરહું જમીન ઉપર બાંધકામના પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન પાસે રજાચિઠ્ઠી નંબર- ૦૦૬૩૦/૨૨૧૦૧૩/એ ૦૬૯૭/ આર.ઓ./એમ.૧ તથા ૦૦૬૩૧/૨૨૧૦૧૩/એ ૦૬૯૮/આર.ઓ./ એમ.૧ થી તા. ૨૩-૦૧-૨૦૧૪ થી રહેણાંક તથા વાણીજ્ય હેતુના પ્લાન મંજુર કરેલ છે.

ત્યારબાદ અમો લખી આપનાર પેઢીના ભાગીદારોએ ફા.પ્લોટ નં. ૪૬/૧ ની ૫૧૮૩ ચો.મી. જમીન માટે **માધવ ક્રિએટર્સ** નામની ભાગીદારી પેઢીનુ નિર્માણ કરેલ અને જમીન બીનખેતી થતાં અમોએ ૭/૧૨ માં અમારા પર્સનલ નામોની જગ્યાએ પેઢીનું નામ દાખલ કરવા માટે મે.સબ રજીસ્ટ્રાર કચેરીમાં તા.૧૧-૦૨-૨૦૧૪ ના રોજ રજીસ્ટ્રેશન નં. ૧૦૭૮ થી રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવેલ છે. અને તેના આધારે ગામ નમુના નં. ૬ ના હક્કપત્રકમાં નોંધ નં. ૭૬૬૬, તા.૨૧-૨-૨૦૧૪ ના રોજ નોંધ પડાવેલ છે. જે સર્કલ ઓફિસર સાહેબે તા.૦૨-૫-૧૪ ના રોજ પ્રમાણિત કરેલ છે.

આમ મજકુર બીનખેતીની જમીન વેચાણ આપનારના એટલે કે અમો લખી આપનારના નામે સરકારી, અર્ધ સરકારી રેકર્ડમાં કુલ સ્વતંત્ર માલિક અને કબજેદાર તરીકે ચાલી આવેલ છે. અને અમો લખી આપનાર પેઢીએ ફા.પ્લોટ નં. ૪૬/૧ ઉપર કાયદેસરના મંજુર થયેલ પ્લાન પ્રમાણે **માધવ ઓર્કીડ**ના રહેણાંક તથા વાણિજ્ય પ્રકારનું ગ્રાઉન્ડ ફ્લોર + ૬ માળનું બાંધકામ કરેલ છે. આથી મજકુર ફ્લેટ નં. ....... ઉપર અમો લખી આપનારને વેચાણ કરવાના તમામ પ્રકારના હક્ક અને અધિકાર પ્રાપ્ત થયેલ છે. જેમાં અમો વેચાણ આપનાર સિવાય

અન્ય કોઇનો લાગભાગ હક્ક હિસ્સો કે હિત સંબંધ આવેલ નથી. આથી લખી આપનાર આ વેચાણ દસ્તાવેજથી તમો લખાવી લેનારને ફ્લેટ નં. ....... ની ........... સ.ચો.મી.ના બાંધકામ તથા ........... ચો.મી.ના વહાવહેંચાયેલ જમીનના હિસ્સાવાળી મિલકત વેચાણ કરીએ છીએ. જેના અવેજની પુરેપુરી રકમ અવેજના પરિશિષ્ટમાં બતાવેલ વિગતે ચુકતે અમોને મળી ગયેલ છે.

વળી, મજકુર મિલકત રહેણાંકના હેતુના વપરાશની આવેલ છે. જેમાં આવેલ કોમન પ્લોટ, રોડ, રસ્તા, ટેરેસ, લીફ્ટ, કોમન સ્ટ્રીટ લાઇટ્સનો ઉપયોગ અને વપરાશ તમો લખાવી લેનાર તથા અન્ય કબજેદારો-ખરીદનારાઓ વચ્ચે સહીયારો છે. તેમજ તેવી સહીયારી સુખસગવડોના મેઇન્ટેનન્સ, રીપેરીંગ, રીપ્લેસમેન્ટ, રીકન્સ્ટ્રક્શન, મરામત ખર્ચ કે સફાઇ વિગેરે જે કાંઇ આવે તે તમામ તમો લખાવી લેનાર તથા કબજેદારો-ખરીદનારાઓએ સહીયારામાં ભોગવવાનો છે. તેમજ તમારો ફ્લેટ બીજા ફ્લેટના રહીશને ન્યુસન્સ રૂપ ન થાય તે રીતે ઉપયોગ કરવાનો છે. તેમજ કોમન રોડ રસ્તા, લીફ્ટ, કોમન પ્લોટ, ટેરેસ વિગેરેમાં તમોએ કોઇપણ પ્રકારનો અંતરાય કે અડચણ થાય તેવુ કોઇપણ કૃત્ય કરવાનું નથી. **માધવ ઓર્કીડ** નામની સ્કીમના સફળ અને સરળ સંચાલન માટે સર્વિસ સોસાયટી/એસોસીયેશનનું ગઠન થયેલ છે. તેના સભાસદ ફરજીયાત પણે બનવાનું રહેશે. અને તેના નિતીનિયમો વિના વિરોધે પાલન કરવાના રહેશે.

સદરહું ફ્લેટ નં. ....... ના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે. અમો લખી આપનાર તમો લખાવી લેનારને વધુમાં જણાવીએ છીએ કે મજકુર જમીનના સરકારી, અર્ધ સરકારી, સ્થાનિક સંસ્થાઓના મહેસુલ, કરવેરા, ટેક્ષો વિગેરે તમામ પ્રકારના વેરાઓ વેચાણ દસ્તાવેજની તારીખ સુધીના લખી આપનારે ભરી દીધેલા છે અને તેવા કોઇપણ જાતના વેરાઓ ભરવાના બાકી નથી. અને મજકુર વેચાણ દસ્તાવેજની તારીખ પછીથી મજકુર જમીનના સરકારી, અર્ધ સરકારી, સ્થાનિક સંસ્થાઓના મહેસુલ, કરવેરા, ટેક્ષો વિગેરે તમામ વેરાઓ તમો લખાવી લેનારને ભરવાના છે.

વળી, અમો લખી આપનાર તમો લખાવી લેનારને જણાવીએ છીએ કે આ પરિશિષ્ટમાં વર્ણવેલ ફ્લેટ નં. ....... અમારી કુલ સ્વતંત્ર

માલિકી અને કબજા ભોગવટાની આવેલ તેનો શાંત, સીધો અને ખાલી કબજો આજરોજ તમોને સોંપી દીધો છે. જેને તમોએ જોઇ તપાસી લીધેલ છે. જેમાં કામગીરી અંગે કોઇ અધુરાશ કે ફરીયાદ નથી. અને તમામ કામગીરી સંતોષ કારક છે તેવુ જણાતા મજકુર ફ્લેટ નં. ....... ના તમો આજથી માલિક કબજેદાર બનેલા છો. અને તમોને કબજેદાર તરીકે સ્વીકારવાના તથા આ ફ્લેટ નં. ....... વેચવાના તમામ પ્રકારના કાયદેસરના સંપૂર્ણ સત્તા અને અધિકાર તમોને આપવામાં આવે છે.

<u>મિલકતનું શિડયુલ આને પરિશિષ્ટ</u>

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (ઓઢવ) ના વટવા તાલુકાના મોજે ગામ ઓઢવની સીમના રેવન્યુ સર્વે નં. ૨૪૩ પૈકી ટી. પી. સ્કીમ નં. ૧૧૨ (ઓઢવ)ના ફા.પ્લોટ નં. ૪૬/૧ ની ૫૧૮૩ ચો.મી.ની જમીનમાં **માધવ ક્રિએટર્સ**એ રહેણાંકના ફ્લેટો, દુકાનો તથા ઓફિસ માટેની સ્કીમનું આયોજન કરેલ છે જે **માધવ ઓર્કીડ**ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ **બ્લોક**-....... ના પહેલામાળના ફ્લેટ નં. ....... ની ....... સ.ચો.મીટરના બાંધકામ તથા ............. ચો.મી.ના વણ વહેચાયેલ જમીનના હિસ્સાવાળી મિલકત.

<u>પરિશિષ્ટ વાળી ફ્લેટ નં. ....... નું ખૂંટ વર્ણન</u>

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

એ રીતે ખુંટ ચાર વચ્ચે આ ફ્લેટ નં. ....... આવેલ છે.

વળી આ ફ્લેટ નં. .......આ અગાઉ કોઇને કોઇપણ પ્રકારે વેચાણ આપેલ નથી કે કોઇ પણ પ્રકારના કોઇ કરાર કરેલા નથી. અને કોઇ કરારો કરેલા હશે તો પણ તે તમામ આ દસ્તાવેજથી રદ થયેલા ગણવાના છે. વળી તેની ઉપર જે બોજો કે ગીરોખત પેદા કરેલ નથી. અને બીજા કોઇનો કોઇ પણ પ્રકારનો ભરણ પોષણનો હક્ક સમાયેલ નથી. વળી આ ફ્લેટ નં. ....... અંગે કોર્ટ દ્વારા કોઇપણ પ્રકારનો મનાઇ હુકમ આપેલો નથી. જે જાહેર કરીએ છીએ. તેથી આ ફ્લેટ નં. .......

અમો લખી આપનારને તમામ પ્રકારના હક્ક અને અધિકાર છે. જેથી તમો લખાવી લેનારને પાકી ખાત્રી અને ભરોસો આપીએ છીએ. વળી આ દસ્તાવેજ સંબંધી કોઇપણ પ્રકારની વસ્તુ લખવાની રહી ગયેલ હોય તો તેનો અમલ ઓનરશીપ ઓફ ફ્લેટ એક્ટ અનુસાર કરવાનો છે. આ ફ્લેટ નં. ....... ના તમામ પ્રકારના ટેક્ષ, વેરાઓ, મહેસુલ કે અન્ય કોઇ ટેક્ષ ભરવાનો બાકી રહેતો નથી. અને ચુકવવાના થતા હતા તે તમામ આજદીન સુધીના અમો લખી આપનારે ચુકવી દીધા છે. જે લખાવી લેનારે તપાસી લીધા છે. તેથી હવે પછી જે કંઇ ટેક્ષવેરાઓ ચુકવવાના થાય તે તમો લખાવી લેનારે ચુકવવાના છે.

વળી અમો લખી આપનાર વધુમાં જણાવીએ છીએ કે આ ફ્લેટ નં. ....... નો અમો લખી આપનાર સિવાય અન્ય કોઇનો લાગભાગ હક્ક હિસ્સો સમાયેલો નથી. આમ છતા કોઇ હક્ક દાવા અંગે અંતરાય અવરોધ કે અડચણ કરતા આવે તો આ દસ્તાવેજથી રદબાતલ છે. આ મિલકતનો શાંત સીધો અને ખાલી કબજો આજરોજ તમોને સોંપી દીધો છે. તેથી આજથી આ ફ્લેટ નં........ ના કુલ સ્વતંત્ર માલિક અને કબજેદાર બન્યા હોવાથી તમારૂ દિલ ચાહે એ રીતે ચાંદો સુરજ તપે ત્યાં સુધી ઉપયોગ કરવા હક્કદાર છો. વળી આ ફ્લેટ નં. ....... માં મળતા તમામ પ્રકારના સુખાધિકારના હક્ક તમો ભોગવવા હક્કદાર છો.

આમ મંજુર થયેલ પ્લાન પ્રમાણે લખી આપનારે મુકેલ કોમન પ્લોટની જગ્યા ઉપર અન્ય સભાસદોને નડતર રૂપ થાય તે રીતે કોઇપણ પ્રકારનો સરસામાન રાખી શકશે નહી. અને અન્ય સભાસદોને અડચણ થાય તે રીતે વાહનો પાર્કિંગ કરી શકશે નહી.

<u>અવેજની વિગત</u>

રૂા.　　　અંકે રૂપિયા

પુરાની રકમનો પંજાબ હાઉ. ફાઇ. લી. માંથી લોન દ્વારા　　　ના ચેક નં.

થી તા.

ના રોજ તમોએ અમોને ચુકવી આપેલ છે તે.

-------------

રૂા.　　　અંકે રૂપિયા　　　પુરા

-------------

આ ફ્લેટ નં. ....... તમારા નામે તબદીલ કરવા તથા તેમાં આવેલ વિજળી કનેક્શન ગ્રાહક નંબર તમારા નામે દબદીલ કરવા તમો લખાવી લેનાર હક્કદાર છો. તે માટે અથવા તમોને અન્ય જે કોઇ જગ્યાએ અમો લખી આપનારની જે જે જગ્યા એ જરૂર પડે તે તે જગ્યા અને ત્યાં ત્યાં અમો લખી આપનાર સહીઓ કરી આપવા અમારા પોતાના ખર્ચે આવીને કરી આપીએ તે માટે અમો બંધાયેલા છીએ. એ માટે અમો અમારી સંમતિ આપીએ છીએ અને કોઇ પણ પ્રકારનો વધારાનો ખર્ચ માંગીએ નહી. તેની તમો લખાવી લેનારને ખાત્રી અને ભરોસો આપીએ છીએ.

માધવ ઓર્કિડમાં બે સર્વિસ સોસાયટી આવેલ છે. (૧) રહેણાંક અને (૨) કોમર્શીયલ. આ બંને સર્વિસ સોસાયટીના પાર્કિંગ અલગથી ફાળવવામાં આવેલ છે તે ફાળવેલ પાર્કિંગ મુજબ દરેક સભાસદે પાર્કિંગ કરવાનું રહેશે. રહેણાંકના મકાનમાં વાહન પાર્ક કરવાનું નથી. તેમ છતાં જો પાર્ક કરેલ હોય તો અન્ય સભ્યનો વાંધો કે તકરાર આવે તો તે વિના વિલંબે પોતાનું વાહન હટાવી લેવાનું રહેશે.

વળી સમગ્ર કેમ્પસમાં આવેલ કોમન એમેનીટીઝ, વીજળી બીલ, સફાઇનો ખર્ચ, લીફ્ટનો ખર્ચ, પાણીના કે ગેસના કનેક્શનનો ખર્ચ, સીક્યુરીટી ખર્ચ, કોમન રીપેરીંગ ખર્ચ તથા અન્ય જે કંઇ કોમન ખર્ચ કરવાના આવે તે તમામ સભાસદે વરાડે પડતો હિસ્સો સોસાયટીના વહીવટ કરતાની કચેરીમાં નિયત સમયમાં પહોચાડી દેવાનો રહેશે. એન વહીવટકર્તાને સંપૂર્ણ સાથ અને સહકાર આપવાનો રહેશે.

તમો લખાવી લેનારે આ દસ્તાવેજથી વેચાણ કરેલા ફ્લેટની બાંધકામ વાલી મિલકત જોઇ તપાસી લીધેલ છે. તે બાંધકામ અંગે લખાવી લેનારે લખી આપનાર સામે કે અન્ય કોઇની પણ સામે કોઇ ફરીયાદ નથી.

વધુમાં જણાવવાનું કે તમો લખાવી લેનાર જાણો છો કે ઉપરા ઉપરી બાંધેલા ફ્લેટોના બિલ્ડીંગમાં સંડાસ, બાથરૂમ, કિચન વિગેરેની જગ્યામાંથી પાણી ચુવે, અને તે નીચે કે પડોશની જગ્યામાં જાય તો તેનાથી નુકશાન થવાનો સંભવ છે. પાણી જે સહેલાઇથી છટકે અને વહે તેવો પ્રવાહી પદાર્થ છે. તે ગમે તેટલા પગલા લેવામાં આવે તો પણ પાઇપના સાંધામાંથી તથા ટાઇલ્સના સાંધામાંથી ચુવે છે. આવુ લીકેજ બાંધકામની ગુણવત્તા સિવાય પણ સંભવી શકે છે. જેવા કે ટાઇલ્સ ધોવા માટે એસીડનો વધારે પડતો ઉપયોગ, વોશીંગ મશીનની ધ્રુજારી,

રક ઉપયોગ વિગેરે કારગાસર થઇ શકે. લખાવી લેનાર તે લીકેજ માટે લખી આપનાર જવાબદાર ગણાશે નહીં કે લખી આપનાર તે માટે કોઇપણ પ્રકારે જવાબદાર બનશે નહિ.

સદરહું ફ્લેટના બારી-બારણા લાકડા, લોખંડ તથા એલ્યુમિનિયમ થી બનાવેલા છે. લાકડુ ચોમાસામાં ભેજને કારણે ફુલે છે. તે બાબત કુદરતી અને સામાન્ય છે. તે વખતે બારણા વાખતા તકલીફ થાય તે પણ સ્વાભાવિક છે. તે ચોમાસામાં બગડે તેવો સંભવ છે. આમ તેવી તકલીફ બાબતે તમો લખાવી લેનારે ભવિષ્યમાં કોઇ ફરિયાદ લખી આપનાર સામે કરવાની નથી. લખી આપનાર તે માટે જવાબદાર બનશે નહિ. તેમાં તમો લખાવી લેનારની સંમતી છે.

લખાવી લેનાર પોતાના ફ્લેટમાંથી કચરો કે ગંદી વસ્તુઓ કે અન્ય કશુ જ બહાર નાખશે નહીં તેમજ બિલ્ડીંગમાંના અન્ય ફલેટની આગળ કે ઉપર નાખશે નહિ અને તેનો સુયોગ્ય નિકાલ કરશે.

આ દસ્તાવેજનું તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વકીલ ફી, ટાઇપીંગ અથવા અન્ય જે કાંઇ ખર્ચવાની થાય તે હાલની તથા ભવિષ્યની તમામ રકમ તમો લખાવી લેનારે એકલાએ જ ભોગવવાની છે.

આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારએ તમો લખાવી લેનારને રાજીખુશીથી સભાન અવસ્થામાં વાંચી વંચાવી સમજી વિચારીને કરી આપેલ છે. જે અમો લખી આપનારના વંશ, વાલી, વારસો, હાલના તથા ભવિષ્યના સર્ગાસો, વખતો વખતના વહિવટ કર્તાને કબુલ મંજુર અને બંધન કરતા છે જેની અમોએ સાક્ષીની રૂબરૂમાં સહીઓ કરી છે.

તા.

અમદાવાદ.

(૧)..................................

માધવ ક્રિએટર્સ એ નામની

ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર

કાન્તીભાઇ રેવાભાઇ પ્રજાપતિ

લખી આપનાર

(૧)..........................

સાક્ષી

(૨)..........................

સાક્ષી

ઉપરોક્ત પરિશિષ્ટવાળી તથા આ ફોટામાં દર્શાવેલ મિલકત અમો લખી આપનાર તથા લખાવી લેનારે જોઇ તપાસી લીધેલ છે. જેને પ્રમાણીત કરીએ છીએ.

**મિલકતનું સરનામું :-** ફ્લેટ નં. .........., માધવ ઓર્કિડ
એસ.પી. રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ.

લખી આપનાર :- ----------------------

લખાવી લેનાર :- ----------------------

ઉપરોક્ત પરિશિષ્ટવાળી તથા આ ફોટામાં દર્શાવેલ મિલકત અમો લખી આપનાર તથા લખાવી લેનારે જોઇ તપાસી લીધેલ છે. જેને પ્રમાણીત કરીએ છીએ.

**મિલકતનું સરનામું** :- ફ્લેટ નં. .........., માધવ ઓર્કિડ
એસ.પી. રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ.

લખી આપનાર :- ----------------------

લખાવી લેનાર :- ----------------------

<u>નોંધણી અધિનિયમન ૧૯૦૮ ની કલમ ૩૨-અ
મુજબનું પરિશિષ્ટ</u>

..........................................

માધવ એસોસીએટસએ નામની
ભાગીદારી પેઢીના વહીવટ કર્તા ભાગીદાર
કાન્તિભાઇ રેવાભાઇ પ્રજાપતિ
લખી આપનાર

..........................................

લખાવી લેનાર